# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૪ | ઓગસ્ટ-સપ્ટે.-ઓક્ટો.-૨૦૧૧ | * વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | * છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૨૯-૩૦-૩૧



* તંત્રીશ્રી :
પ્રિ. ડૉ. વિમલ જોષી

* મદદનીશ તંત્રીશ્રી :
શ્રી સુમનભાઈ એમ. પારેખ
(ગ્રંથપાલ)

* સહ તંત્રીશ્રીઓ :
ડૉ. જી. સી. કાછીઆ
(આમંત્રિત)
પ્રા. વિજય પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી.ડી.જોષી

* વિદ્યાર્થી સંપાદકો :
સોલંકી ઇન્દિરાબેન
પટેલ સોનમ
રાણા મમતા
મનસુરી નિલોફર
શર્મા કિરણ વી.
સુથાર શ્રધ્ધા



* પ્રકાશક :
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ
એન્ડ સાયન્સ કોલેજ,
પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Website :
www.petladcollege.com




* સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. રાજરત્ન રમણલાલ કેશવલાલ પરીખ *

## નૂતન વર્ષાભિનંદન

દીપોત્સવીનું પર્વ પ્રકાશ
અને
જ્ઞાનની ઉપાસનાનું પર્વ છે.
તમારા મનમંદિરમાં પ્રભુકૃપાનો દીપક
સદા ઝળહતો રહે,
જીવનમાં સુખની સરિતા વહેતી રહે,
સમૃદ્ધિ સદા છલકાતી રહે,
દુઃખની કદિયે ના મળે ભાળ,
સંતોષ સભર જીવન રહે, એવી..... નૂતન વર્ષની સદ્‌ભાવના અને શુભેચ્છા.....

- પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ તથા કોલેજ સ્ટાફ પરિવાર.

## યથા પ્રજા તથા રાજા ?

ઈ.સ.૨૦૧૦ નું વર્ષ ''કૌભાંડોનું વર્ષ'' તરીકે ઓળખાશે એ તો નિર્વિવાદ છે. એટલા બધા કૌભાંડો થયાં એકએકથી ચઢિયાતાં કે અક્કલ કામ ન કરે. દુનિયાના બીજા દેશોમાં પણ થાય છે. એની ના નહીં પણ આપણો દેશ તો બધાને ટપી જાય ગીતામાં ભગવાન પોતાની વિભૂતિઓનું વર્ણન કરતાં કહે છે કે આ સૃષ્ટિમાં જે કંઈ શ્રેષ્ઠ છે તે હુ છું જેમ કે ઋતુઓમાં હું વસંતઋતુ છું અને મહિનાઓમાં માગશર મહિનો, વેદોમાં સામવેદ અને છંદોમાં ગાયત્રી છંદ હું છું, પર્વતોમાં હું મેરૂપર્વત અને નદીઓમાં હું ગંગા નદી છું આપણે ત્યાંના ભ્રષ્ટાચારનો વ્યાપ જોઈને ભગવાન એમ કહે છે ભ્રષ્ટાચાર કરનાર દેશોમાં હું ભારત દેશ છું તો કઈ નવાઈ નહીં. દુઃખ તો એ વાતનું થાય છે કે જે નેતાઓ અને રાજકારણીઓ આ કૌભાંડોમાં સંડોવાયેલાં છે તેમને તો કોઈ લાજશરમ જ નથી. તેઓ જાણે કે કશું થયું જ નથી. પોતે સાવ નિર્દોષ છે એમ જૂઠું બોલવામાં તો એટલા માહેર કે આપણે મોંમાં આંગળાં નાખીએ પણ...થોભો... એક મિનિટ થોભો. આપણે નેતાઓની ને રાજકારણીઓની વાત કરીએ છીએ પણ એક આમઆદમી તરીકે આપણે કેવા છીએ ? આપણે એક આંગળી બીજા તરફ ચીંધીએ ત્યારે પણ ત્રણ આંગળી આપણા તરફ ચીંધાય છે. એનો વિચાર કર્યો છે ? નેતાઓ જેટલા મોટા કૌભાંડો આપણે નહી કરતા હોઈએ પણ રોજબરોજના જીવનમાં કઈ કેટલાય અનૈતિક કામો કરતાં હોઈએ છીએ. અને કૌભાંડ એટલે કૌભાંડ. એમાં નાનું શું કે મોટું શું ? કોઈ દુકાનમાંથી ખરીદી કરી અને બિલ નહી લીધું. શા માટે ? ટેક્સ બચાવવા સરકારને છેતરી અને દુકાનદારને તેમાં ભાગીદાર બનાવ્યો. જિંદગીનો વીમો ઉતરાવવો છે પણ વજન ઓછું છે અથવા તો બ્લડપ્રેશ વધારે છે. કંઈ વાંધો નહીં તમારી તબિયત તદ્દન સારી છે. એવું સર્ટિફીકેટ આપવાવાળા ડૉક્ટર એજન્ટ પાસે તૈયાર જ છે.

વીમા કંપનીઓમાંથી કલેઈમ મેળવવા માટે કે મ્યુનિસિપાલિટી બીલ જલદી પાસ થાય એવા કંઈ પણ કામો કરવા માટે એજન્ટો તૈયાર જ હોય છે. ફક્ત તમારે નાણાંની કોથળી છુટ્ટી કરવી પડે. કોઈ વખત આપણે કહીએ તો આટલા પૈસા તો બહુ વધારે છે તો જવાબ મળે કે સાહેબ એકને આપવાથી કામ થતુ નથી. છેક સુધી આપવા પડે છે. એટલે કે ચપરાશીથી માંડીને કલાર્કથી માંડીને મેનેજર અને છેક જનરલ મેનેજર સુધી. આમ જ્યારે આપણે ખોટું કામ કરીએ ત્યારે બે કે ત્રણથી માંડીને ઘણા માણસોને સંડોવીએ છીએ. આખા સમાજમાં સડો ફેલાવીએ છીએ. મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો નહીં મળે. એટલે સૌથી મોટો ''આદર્શ'' ભ્રષ્ટાચાર રહેવાથી જગ્યામાં થાય છે. તમારી ભાડાની જગ્યા જેના તમે કોઈ દિવસ માલીક નથી તે તમે વેચી શકો છો-પાઘડી લઈને. મિલકત બીજાની, પૈસા તમારા, બીજાના ઘર પર ગીધની માફક તરાપ ને મારએ ઉપનિષદની શીખ શું આપણે સદંતર વિસરી ગયા ? આમ આપણે જોયું કે એક પ્રજા તરીકે આપણે ખોટું કામ કરતાં જરા પણ અચકાતાં નથી. જે પારદર્શક વ્યવહાર હું બીજા પાસે અપેક્ષા રાખું છું. તેવો પારદર્શક વ્યવહાર હું કરું છું ખરો ? ના.

તો પછી સરકારની ટીકા કરવાનો મને શો અધિકાર છે ? આખરે સરકાર એટલે કોણ ? આપણાં જ માણસો. આપણે જ એમને ચૂંટીને મોકલ્યા. ચૂંટણી આવે ત્યારે ટિકિટ મેળવવા આટલી બધી પડાપડી કેમ થાય છે ? કારણ કે રાજકારણમાં પડવાથી અઢળક ધન કમાઈ શકાય છે. રાજકારણ આજે એક ધંધો-વેપાર થઈ ગયો છે જેને લીધે પ્રજાને સહન કરવું પડે છે. કહેવત છે ને કે જે દેશનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી અને લોકો જેને લાયક હોય તેવી સરકાર તેને મળે. (પીપલ ગેટ ધ ગવર્નમેન્ટ ધ ડીઝર્વ) એટલે ''યથા રાજા તથા પ્રજા'' એમ કહેવાની બદલે ''યથા પ્રજા તથા રાજા'' એમ કહીએ તે વધારે યોગ્ય નહીં ગણાય ?

સોલંકી ઈન્દીરા એન. - ટી.વાય.બી.એ.
અર્થશાસ્ત્ર વિભાગ

## શિક્ષણ - Education

ગાંધીજીએ કહ્યું છે કે શિક્ષણ એટલે બાળકની શરીર, મન અને આત્મામાં જે કાંઈ કમ ઉત્તમ છે તેને બહાર લાવવાની પ્રક્રિયા.

| | | |
|---|---|---|
| E | Expression | અભિવ્યક્ત |
| D | Development | વિકાસ |
| U | Unity | એકતા |
| C | Character | ચારિત્ર્ય |
| A | Activeness | પ્રવૃત્તિશીલ |
| T | Talent | કળા |
| I | Ideal | આદર્શ |
| O | Oneness | એકત્વ |
| N | Nationality | રાષ્ટ્રીયતા |

## જિંદગી

શું કરું તારી પ્રશંસા કે તું કેટલી સુંદર છે,
શું કરું તારા વખાણ કે તું કેટલી રમ્ય છે,
છે તું કેટલી નમ્ર પ્રેમાળ અને દિવ્ય
પરંતુ સ્વાર્થે તને કેટલી નિષ્ઠુર કરી છે.
સુખ દુઃખની તડકી-છાંયડીમાં એક જ તું સહારો
છતાંય આજના માનવે તને વાંઝણી ગણી છે.
છત કોઈ ગંખે છે, તુજ સુખ યુગોનાયુગો સુધી
અને ન પારખનાર, તુજને ટુંકાવી પણ દે છે.
અરે, 'જિંદગી' હવે નથી બહુ શબ્દો મારી પાસે
કે તુ કેટલી અમુલ્ય ઈશ્વરીય ભેટ છે !

## યાદ

તમે નથી હોતા ત્યારે તમારી યાદ આવે છે.
હજારો આ હોઠો પર ફરિયાદ આવે છે.
ખુદા જાણે ખુદાએ શું ભરી દીધું છે.
તમારામાં કે ખુદાને યાદ કરતા પહેલાં તમારી
યાદ આવે છે.
સંબંધો આપ મેળે જ બનતા હોય છે, અહીંયા
પારકા હોય તોય પોતાના લાગતા હોય છે.
જે આંખો ને મહી દુનિયાને નહી તે
આ ''હૈયા''ને ગમતા હોય છે.

રાવલ સુનીલ આર. (ટી.વાય.બી.એ.)

## અધધધ...વરસાદના રેકોર્ડ

- યુનિયન વિલે મેરીલેન્ડમાં ૧૯૬૬ ના જુલાઈમાં ૪ થી તારીખે એક મિનિટમાં ૩૧.૨ મી.મી. વરસાદ.
- પનામા પોર્ટબેલોમાં ૧૯૧૧ માં નવેમ્બરમાં પાંચ મિનિટમાં ૬૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.
- જમૈકાના પ્લમ્બ પોઈંટમાં ૧૯૧૬ ના મે માસની ૧૨ તારીખે ૧૫ મિનિટમાં ૧૯૮ મી.મી. વરસાદ થયો છે.
- રિયુનિયનના બ્રેલેમાં ૧૯૫૨ ના માર્ચની ૧૫ તારીખે ૧૨ કલાકમાં ૧૩૪૦ મી.મી. વરસાદ નોંધાયેલો.
- ભારતના ચેરાપુંજીમાં ૧૮૬૧ માં જૂનમાં ૩૧ દિવસમાં ૯૩૦૦ મી.મી. વરસાદ નોંધાયો હતો.
- ભારતના ચેરાપુંજીમાં ૧૮૬૦ ના વર્ષમાં ૨૬૪૬૧.૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.
- ભારતના ચેરાપુંજીમાં ૧૮૬૦-૬૧ એમ બે વર્ષમાં ૪૦૭૮૬.૩ મી.મી. વરસાદ વિશ્વ વિક્રમ નોંધાયો હતો.

ટી.વાય.બી.એ. (અર્થશાસ્ત્ર)

## મેરા ભારત મહાન



- ભારત વીજળી ઉત્પાદનમાં વિશ્વમાં પાંચમાં ક્રમે છે.
- ભારત તાજા ફળોનું ઉત્પાદન કરવામાં વિશ્વમાં પ્રથમ ક્રમે છે.
- ભારત મકાઈના ઉત્પાદનમાં વિશ્વમાં પાંચમા ક્રમે છે.
- ભારત ઘઉંના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા ક્રમે છે.
- ભારત બટેટાના ઉત્પાદનમાં વિશ્વમાં ત્રીજા ક્રમે છે.
- ભારત ટામેટાના ઉત્પાદનમાં વિશ્વમાં ચોથા ક્રમે છે.

## અર્થશાસ્ત્ર વિભાગ

ભારત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને રાજ્યપાલશ્રીઓ (૫-જાન્યુઆરી-૨૦૧૦ સ્થિતિ)

| ક્રમ | રાજ્ય | મુખ્યમંત્રી | રાજ્યપાલ (ગર્વનર) |
|---|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | કે.રોસૈયાહ | ઈ.એલ.એસ.નરસિંહ્મ |
| ૨ | અરુણાચલ પ્રદેશ | દોરજુ ખાંડુ | જનરલ જે. જે. સિંહ |
| ૩ | આસામ | તરુણ ગોગઈ | જે. બી. પટનાયક |
| ૪ | બિહાર | નીતીશકુમાર | દેવાનંદ કોનર્વર |
| ૫ | છત્તીસગઢ | ડૉ. રમણસિંહ | ઈ.એલ.એસ.નરસિંહ્મ |
| ૬ | ગોવા | દિગંબર કામઠ | એસ.એસ.સિધ્ધુ |
| ૭ | ગુજરાત | નરેન્દ્ર મોદી | કમલા બેનિવાલ |
| ૮ | હરિયાણા | ભુપિન્દ્રસિંહ હુડ્ડા | જગન્નાથ પહાડિયા |
| ૯ | હિમાચલ પ્રદેશ | પ્રેમકુમાર ધુમ્મસ | પ્રભા રાવ |
| ૧૦ | જમ્મુ-કાશ્મીર | ઓમાર અબ્દુલા | એન.એન.વોરા |
| ૧૧ | ઝારખંડ | રાષ્ટ્રપતિ શાસન | કે.શંકરાનારાયન્ન |
| ૧૨ | કર્ણાટક | બી.એસ. યેદપુરપ્પા | હંસરાજ ભારદ્વાજ |
| ૧૩ | કેરળ | વી.એસ.અચ્યુતાનંદ | આર.એસ.ગવઈ |
| ૧૪ | મધ્યપ્રદેશ | શિવરાજસિંહ ચૌહાણ | રામેશ્વર ઠાકુર |
| ૧૫ | મહારાષ્ટ્ર | અશોક ચવાણ | એસ.સી. જમીર |
| ૧૬ | મણિપુર | ઓકરામ ઈબોલીસિંહ | ગુરુબચન જગત |
| ૧૭ | મેઘાલય | ડી.ડી. લાપાંગ | આર.એસ. મુશહરી |
| ૧૮ | મિઝોરમ | લાલથાન્હાવલા | મદનમોહન લખેડા |
| ૧૯ | નેધરલેન્ડ | નેફિયા રિયો | નિખિલકુમાર |
| ૨૦ | ઓરિસ્સા | નવીન પટનાયક | મુરલીધર ચન્દ્રકાન્ત ભંડારે |
| ૨૧ | પંજાબ | પ્રકાશસિંહ બાદલ | જનરલ એસ.એફ.રોડ્રિગ્સ |
| ૨૨ | રાજસ્થાન | અશોક ગેહલોત | સુશ્રી પ્રભારાવ |
| ૨૩ | સિક્કિમ | પવન ચામલિંગ | વાલ્મીકિપ્રસાદ સિંહ |
| ૨૪ | તમિલનાડુ | એમ.કરુણાનિધિ | એસ.એસ.બરનાબા |
| ૨૫ | ત્રિપુરા | માણિક સરકાર | ડી.વીય.પાટિલ |
| ૨૬ | ઉત્તરાખંડ | રમેશ પોખરિયાલ | માર્ગરેટ આલવા |
| ૨૭ | ઉત્તરપ્રદેશ | સુશ્રી માયાવતી | બી.એલ.જોષી |
| ૨૮. | પશ્ચિમ બંગાળ | બુદ્ધદેવ ભટ્ટાચાર્ય | ગોપાલકૃષ્ણ ગાંધી |

કેન્દ્રશાસિત પ્રદેશોના લે. ગર્વનર

| ક્રમ | કેન્દ્રશાસિત પ્રદેશ | લે. ગર્વનર |
|---|---|---|
| ૧ | આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહ | લેફ. જન. ભોપિન્દર સિંઘ |
| ૨ | ચંદીગઢ | જનરલ એસ.એફ.રોડ્રિક્સ |
| ૩ | દાદરા અને નગર હવેલી | સત્ય ગોપાલ |
| ૪ | દમન અને દીવ | સત્ય ગોપાલ |
| ૫ | દિલ્હી | તેજેન્દ્ર ખન્ના |
| ૬ | લક્ષદ્વીપ | બે.કે.દાદુ |
| ૭ | પોંડિચેરી | ઈકબાલસિંહ |

## મુખ્ય બેન્ક, બેન્કિંગ સંસ્થાઓનો પરિચય

### ૧) ભારતીય રિઝર્વ બેન્ક (Reserve Bank of India) દેશની આ સર્વોચ્ચ બેન્કિંગ સંસ્થા છે.

- તેની સ્થાપના ૧ એપ્રિલ-૧૯૩૫થી ૧૯૩૪ ના RBI એક્ટ મુજબ થયેલ છે.
- તેનો સ્લોગન : India's Central Bank છે.
- ચેરમેન અને એમડી તરીકે શ્રી ડી. સુબ્બારાવ છે.
- હેડઓફિસ શરૂઆતમાં કોલકાતા ખાતે હતી. જે હાલ મુંબઈમાં છે.
- બેન્કની કુલ ૨૬ શાખાઓ છે. કર્મચારીઓની સંખ્યા ૨૦૫૭૨ છે.
- આ બેન્કુ ૧૯૪૯ માં રાષ્ટ્રીયકરણ થયેલ છે તથા તે ભારત સરકારની સંપૂર્ણ માલિકીની છે.
- RBI માં ગર્વનર, ડે. ગવર્નર હોય છે. કરન્સીનોટમાં બેન્ક ગર્વનરની સહી હોય છે. દેશની સમગ્ર નાણાકીય કામગીરી દેખરેખ RBI ના હેઠળ છે. (rbi.org.in)

### ૨) નાબાર્ડ બેન્ક : (National Bank at Agriculture)

- તેની મુખ્ય ભૂમિકા કૃષિ અને ગ્રામ્ય વિકાસની છે.
- ૧૪૭૯ શ્રી બી.શિવરામન કમિટી ના રિપોર્ટના આધારે તેની સ્થાપના થયેલ છે.
- તેનું મિશન મુખ્યત્વે ક્રેડિટ રીપોર્ટ, સંબંધિત પ્રવૃત્તિઓ સંસ્થા નિર્માણ અને શોધ સંશોધન કરવાનું છે.
- તેનો મુખ્ય હેતુ કૃષિ અને નાના કુટિર અને ગ્રામ્ય તથા જેવા ઉદ્યોગોના વિકાસ માટે ક્રેડિટ આપવાનો છે.
- તેમાં ૨૮ રિજિયન કચેરીઓ, ૬ પ્રશિક્ષણ સંસ્થાઓ તથા ૩૯૧ જેટલા જિલ્લા વિકાસ કચેરી અને મુખ્ય કચેરીનું તેનું સેટઅપ છે.

### ૩) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા : (SBI)

- સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનો ઈતિહાસ ૧૮૦૬ ના વર્ષથી બેન્ક ઓફ કોલકતાથી શરૂ થાય છે. પછીથી બેન્ક ઓફ બંગાલ અને ઈમ્પિરિયલ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે તે ચાલે છે.
- ૧૯૫૫ ના કાયદા મુજબ (SBI) ની સ્થાપના થઈ. ૧૯૫૯ માં (SBI)(સબ સિડિયરીઝ

[illegible] ત્યારે પણ પસાર ૧૯૫૬ માં થયો. તેની શરૂઆત ૪૮૦ શાખાઓથી થઈ અને આજે તે દેશની મુખ્ય સરકારી પ્રત્યક્ષ પ્રવૃત્તિશીલ બેન્ક છે. (sbi.co.in / sbi.com)

- તેનું સૂત્ર : The nation bank an ધ્ર pure banking, mothing else.
- ચેરમેન એમડી શ્રી ઓ.પી.ભટ્ટ છે. તેની હેડ ઓફિસ મુંબઇમાં આવેલી છે. દેશમાં કુલ ૧૦,૦૦૦ શાખાઓ ૧,૩૦,૦૦૦ કર્મચારી ૪૦૦ ટ્રેનરો તથા ૨૧,૦૦૦ ATM ધરાવતી સૌથી મોટી બેન્ક છે.

## ૪) અલ્હાબાદ બેન્ક :(www.allahabadbank.in)

- આ બેન્કની સ્થાપના ૧૮૬૫ માં થઇ જે દેશની જૂનામાં જૂની જોઇન્ટ સ્ટોક બેન્ક.
- ત્રણ સદીનો આ બેન્કનો ઇતિહાસ છે. દેશ વિદેશમાં તેની ૨૪૦૨ શાખાઓ છે.
- ૨૦૦૭ માં બેન્કનો બિઝનેસ રૂ. ૧,૦૦,૦૦૦ કરોડને ક્રોસ કરી ગયેલ. તેની મુખ્ય કચેરી કોલકાતામાં છે.
- ચેરમેન તરીકે એમ.ડી. તરીકે શ્રી જે.પી.દુઆ છે. A tradition to truest.

## ૫) આંધ્ર બેન્ક : (www. Ardhrabankindia in)

- આ બેન્કની શરૂઆત ૧૯૨૩ માં થઇ ક્રેડિટ કાર્ડની ૧૯૮૧ થી શરૂઆત કરનાર આ પાયોનિયર બેન્ક છે.
- ૨૦૦૭ સુધીમાં તેનો બિઝનેસ રૂ. ૭૫૨૨૫ કરોડનો નોંધાયો.
- તેનું કુલ ૧૬૨૫ શાખાઓ અને ૧૫૮૫૨ કર્મચારીઓ છે. મુખ્ય મથક હૈદ્રાબાદ છે.
- ચેરમેન એમ.ડી. તરીકે શ્રી પી. રામચંદ્ર. slogean છે. For coll your needs.
- ૨૭.૨૬ લાખ ATC/ડેબિટ કાર્ડઝ / ૨૦૯૨૬ હેલ્પ ગ્રુપ્સ, ૧૩૭૬૪૨ LTC પોલિસીઝની સેવાઓમાં બેન્કના નામે બોલે પૈસા છે.

## ૬) બેન્ક ઓફ બરોડા : (www. bankofbaroda.com.)

- આ બેન્કનું મુખ્ય મથક બરોડા છે.
- તેના ચેરમેન એમ.ડી. તરીકે એમ.ડી. મુખ્ય છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૦૮ છે. તેની કુલ શાખાઓ ૩૩૨૬ છે. જેના પૈકી ૮૪ શાખાઓ વિદેશમાં છે. કર્મચારીઓની સંખ્યા ૩૮૦૩૩ છે.

- slogean : [illegible] international bank છે.
- આ બેન્ક દ્વારા પોતાની બિઝનેસ સ્કુલ (MBA / [illegible]) માટે શરૂ કરેલ છે.

## ૭) બેન્ક ઓફ ઇન્ડિયા (www. Bankofindia.com.)

- આ બેન્કની સ્થાપના ૧૯૦૬ માં થઈ. તેનું મુખ્ય મથક મુંબઈ છે, અને ચેરમેન એમડી શ્રી આલોકકુમાર મિશ્રા છે.
- તેની કુલ શાખાઓ ૩૧૦૧ છે.
- વિદેશમાં ની પ્રથમ શાખા આ બેન્ક દ્વારા શરૂ કરાયેલ છે.
- slogean : Relafionships beyond banking. બેન્કના બિઝનેસમાં ૨૦% ઉપરનો હિસ્સો વિદેશ વ્યાપરનો છે.
- 3 M અત્ર મહત્વ છે. : ' Mobilisation of money, Modernisation of Methods & motiyation of staff ' જેના દ્વારા સેવારત છે.

## ૮) બેન્ક ઓફ મહારાષ્ટ્ર : (www. bankofmarharashtra.com.)

- આ બેન્કની સ્થાપના ૧૯૩૫માં થઈ. હાલ ચેરમેન એમ.ડી .શ્રી અનુપશંકર ભટ્ટાચાર્ય છે.
- હાલમાં તેની ૧૫૦૬ શાખાઓ છે. વર્ષ ૨૦૦૭ માં બિઝનેસ રૂ. ૫૫,૦૦૦ કરોડને વટાવી ગયેલ છે. ૫૮૩ ગ્રામ્ય શાખાઓ ધરાવે છે. કૃષિ વિકાસમાં ડીકળ માટે ખાસ કાર્યરત છે.
- slogean : " One family, one bank'.

## ૯) સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા : (www. centralbankofindia.com.)

- આ બેન્કની સ્થાપના ૧૯૧૧ માં થઈ. તેનું વડુ મથક મુંબઈ છે. તેના ચેરમેન મેનેજિંગ ડિરેક્ટર શ્રી એસ.શ્રીધર છે.
- ૧૦૦ વર્ષ જૂની આ બેન્ક દેશના ૩૦ રાજ્યોમાં કાર્યરત છે અને તેની શાખાઓ ૩૬૫૬ છે.
- ૧૯૨૧ માં હોમ સેવિંગ્ઝ સેફ ડિપોઝિટ શરૂ કરેલ છે. ૨૬૭ એક્ષ્ટેન્ટન સેન્ટર્સ થવા કાર્યરત છે.

## ૧૦) કેનેરા બેન્ક :

- Global bank with best practices નું સૂત્ર ધરાવતી આ બેન્ક વર્ષ ૧૯૦૬ થી કાર્યરત છે.
- તેનું મુખ્ય મથક બેંગ્લોર છે.
- હાલમાં ચેરમેન કમ.એમ.ડી. તરીકે શ્રી એસ. રામન છે.
- આ બેન્કની કુલ ૩૦૫૭ શાખાઓ છે, તેનો ચોખ્ખો નફો રૂ. ૩૦૦૦ કરોડનો છે. આ બેન્કના ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પણ પ્રદાન થાય છે.

## ૧૧) કોર્પોરેશન બેન્ક : (www. cerpbank.in)

- આ બેન્કની શરૂઆત ૧૯૦૬ માં થઈ હતી. તેની હેડ ઓફિસ બેંગ્લોર ખાતે છે, તેના ચેરમેન-એમ.ડી. તરીકે શ્રી પ્રદીપ રામનાથ છે.
- આ બેન્કની કુલ ૧૨૦૦ શાખાઓમા કર્મચારીની સંખ્યા ૧૩૦૦૦ છે. આગામી ૫ વર્ષમાં નવી ૭૦૦ શાખાઓ શરૂ કરાશે.
- ૧૦૫ વર્ષ જૂની આ બેન્કનો બિઝનેશ રૂ. ૭૨૩૦૬ કરોડનો છે તથા નફો રૂ. ૩૫૦ કરોડ છે.
- સૂત્ર : 'સર્વજનઃ સુખિનો ભવન્તુ'-slogean

## ૧૨) દેના બેન્ક : (www. denabnak.com)

- 'Trasted family Bank' એ આ બેન્કનું સૂત્ર છે. તેના ચેરમેન-એમ.ડી. શ્રી ડીરેવલ રાવલ છે. તેની હેડ ઓફિસ મુંબઇમાં છે.
- આ બેન્ક તા. ૨૬-૫-૧૯૩૮ થી કાર્યરત છે અને તેની કુલ શાખાઓ ૧૧૨૨ છે.
- સિમ્બોલ લક્ષ્મીમાતાજીનો છે. મૂળ દેવકરણ નાનજી બેન્કિંગ કંપનીનું દેના બેન્ક રૂપાંતર છે.
- વર્લ્ડ બેન્કની લોન ૧૯૫૫ માં મળે છે, મીલ્ટ સિટી ચેક ફેસિલીટી ૧૪૦ શાખાઓમાં ઉપલબ્ધ છે. દેના બેંક કૃષિ શાખપત્ર (ક્રેડિટ કાર્ડ) વિશેષ્ટતા છે.

## ૧૩) ઇન્ડિયન બેન્ક (www. indianbank.in)

- ભારત સરકારની આ પ્રિમિયર બેન્ક છે. તેની સ્થાપના ૧૯૦૭ માં થઇ છે. તેની મુખ્ય કચેરી ચેન્નાઈ છે, તેના ચેરમેન-એમ.ડી શ્રી ટી.એમ. ભારીન છે.
- હાલમાં ૧૮૧૯ બ્રાન્ચ, માં ૧૯૦૦૦ થી વધુ કર્મચારીઓ છે.
- તેનો slogean : ' Talaing Banking Technology to the comman man છે.
- રૂ. ૭૬૦૦૦ કરોડનો બિઝનેસ છે, પ્રોફિટ રૂ. ૧૩૫૫ કરોડ છે. ૭૦ દેશોમાં ૨૪૦ બેન્ક શાખાઓનો સંપર્ક છે.
- ગ્રામ્ય વિકાસની અનુગ્રહ્ય બેન્કનો એવોર્ડ મળેલ છે. ૨૪ x ૭ ની સેવા ૩૨૦૦૦ એ.ટી.એમ. થી આપે છે. ૧૦૦% કોમ્પ્યુટરીકરણ છે.

**૧૪) ઈન્ડિયન ઓવરસિસ બેન્ક:**
**(w.w.w. iob.com)**

- આ બેન્કની સ્થાપના ૧૯૩૭માં થઈ જે તેની વડી કચેરી ચેન્નાઈમાં છે. અને તેના ચેરમેન-એમ.ડી. શ્રી એમ.નરેન્દ્ર છે.
- હાલમાં તેની શાખા સંસ્થા ૨૦૧૮ છે.
- આ બેન્કનો પ્રારંભ ફોરેન એક્ચેન્જ બિઝનેસ અને ઓવરસિઝ બેંકિગના મુખ્ય બે ઉદ્દેશ્યથી થયેલ.
- ઓપરેટિંગ પ્રોફિટ રૂા. ૭૯૪ કરોડ, ગ્લોબલ ડિપોઝીટ રૂા. ૩૬૬૯૦૦ કરોડ જેવી કામગીરી દર્શાવે છે.
- આ બેન્ક IOB બેન્ક તરીકે વધુ જાણીતી છે.

**૧૫) ઓરિયેન્ટલ બેન્ક ઓફ કોમર્સ:**
**(www. obc. com)**

- આ બેન્ક OBC બેન્ક તરીકે જાણીતી છે. તેનું મુખ્ય મથક દિલ્હી છે તથા ચેરમેન-એમ.ડી. તરીકે શ્રી નગેધ છે. તેની સ્થાપના ૧૯૪૩ થઈ હતી.
- કુલ શાખાઓ ૧૫૦૮ અને કર્મચારીઓની સંખ્યા ૧૫૩૫૮ થી વધુ છે.
- આ બેન્કની શરૂઆત લાહોર (પાકિસ્તાન) થી થયેલ છે. જે બાદમાં અમૃતસર ખાતે લવાઈ.

**૧૬) પંજાબ બેન્ક સિંધ બેન્ક:**
**(www. psbindia.com)**

- ૧૯૦૮માં શરૂ થયેલ આ બેન્ક નબળા વર્ગોને સહાય માટે પ્રતિબદ્ધ છે.
- તેનું વડુ મથક ન્યુ દિલ્હી છે, ચેરમેન-એમ.ડી. શ્રી પ્રવિણકુમાર આનંદ છે. કુલ ૯૦૦ શાખાઓમાં પૈકી ૪૦૦ શાખા માત્ર પંજાબમાં જ છે.
- તેનો slogean : 'where service is a way of life."

**૧૭) પંજાબ નેશનલ બેંક:**
**(www. pnbindia.com)**

- તેની સ્થાપના ૧૮૯૫માં થયેલ છે. તેનું મુખ્ય મથક ન્યુ દિલ્હી છે. ચેરમેન-એમ.ડી. શ્રી કે.આર.કામન છે. હાલ ૫૦૦ શાખાઓ છે.
- બ્રાન્ચ નેટવર્ક અને બિઝનેસ સંદર્ભે દેશમાં બીજો ક્રમ ધરાવે છે.
- આ બેન્ક તેની સર્વિસમાં વિવિધતા ધરાવે છે. જેમ કે કોર્પોરેટ બેન્કીંગ, ઈન્ડસ્ટ્રીયલ ફાયનાન્સ, ઈન્ટરનેશનલ બેંન્કિગ વગેરે તેના ગ્રાહકોની સંખ્યા ૩.૫ કરોડ છે.
- 'ધી બેન્કર ' મેગેઝિનના સર્વે મુજબ દુનિયાની ટોપ ૧૦૦૦ બેન્કોમાં આ બેન્ક ૨૪૮ મું સ્થાન ધરાવે છે.
- તેનો slogean : 'The name you can bank upon.

**૧૮) સિન્ડિકેટ બેન્ક:**
**(www. sundicatebank.in.)**

- સ્થાપના વર્ષ ૧૯૨૫ છે. તેનું મુખ્ય મથક મણીપાલ છે. ચેરમેન-એમ.ડી. શ્રી વસંત શેઠ છે.
- ઉડુપી (કર્ણાટક) માં ત્રણ સાઈસકો દ્વારા રૂા. ૮૦૦૦ની મૂડીથી તેની શરૂઆત કરી, ડોર ટુ ડોર બચત કલેક્શનનો લઘુત્તમ આંકડો તે વખતે ૨ આના (હાલના ૧૨ પૈસા) હતો. તેનો પાયો ગ્રામ્ય અને કોસ્ટલ એરિયા છે.
- તે વિગ્મી ડિપોઝીટ બ્રાન્ડ નેમ ધરાવે છે. જેનો આંકડો રૂા. ૧૪૫૦૭ કરોડનો છે. ૧૫ જેટલા એવોર્ડ મળેલ છે. આ મસ્ટિ એક્ટિવિટી બેન્ક ગણાય છે. ૪૦૦૦ જેટલી શાખાઓ છે.
- તેનો slogean : 'The Faithful & Friendly'.

**૧૯) યુકો બેન્ક:**
**(www. ucobank.com.)**

- Itenours your trust નું સુત્ર ધરાવતી આ બેન્ક ૧૯૪૩ માં શરૂ થઈ.
- હા તેનું મુખ્ય મથક, કોલકાતામાં છે. ચેરમેન-એમ.ડી તરીકે શ્રી અરૂમ કૌલ છે. ૨૦૦૦ થી વધુ શાખાઓ દેશભર કમિટમેન્ટ ને વરેલી આ બેન્કની ઘણી શાખાઓ છે. ૩૬૫ દિવસ ઓપન રહી છે.

**૨૦) યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા:**
**(www. unionbankofindia.com.)**

- Good people to banke wish સુત્ર છે. મુખ્ય મથક મુંબઈ છે. ચેરમેન-એમ.ડી. શ્રી એમ.વી. નાયર છે.
- સ્થાપના વર્ષ ૧૯૧૯ છે, ૨૬૦૦૦ કર્મચારીઓ છે.
- બેન્ક દ્વારા ombuelsman, eitizen chaurter ગ્રિવન્સ રિડરેસલ વેગેરે પર ખાસ ધ્યાન અપાય છે.

**૨૧) યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયા:**
**(www. unitedbankofindia.com.)**

- 'The Bank there begins with U' નામક સૂત્ર છે. આ બેન્કની સ્થાપના ૧૯૫૦ થયેલ છે. તેનું મુખ્ય મથક કોલકાતા છે. ચેરમેન-એમ.ડી. શ્રી ભાસ્કર સેન છે.
- હાલ ૧૬૦૦ શાખાઓ ધરાવે છે. આ બેન્ક ૪ જુદી જુદી બેન્કોમાં મર્જરથી બનેલી છે. જેના મૂળ વર્ષ ૧૯૧૪ માં પડેલા છે.
- રૂા. ૩૭,૧૬૭ કરોડની એફ.ડી. આ બેન્ક ધરાવે છે. પૂર્વોત્તર રાજ્યોમાં તેનું મોટું નેટવર્ક છે.

**૨૨) વિજયા બેન્ક**
**(www. vijayabnak.com.)**

- આ બેન્કની સ્થાપના ૧૯૩૧ માં થયેલ છે. તેનું મુખ્ય મથક બેંગ્લોરમાં છે, તના ચેરમેન-એમ.ડી. શ્રી આબ્લર્ટ તાવરો છે.
- તેનું સૂત્ર 'A Friend you can bank upon' હાલમાં ૧૧૯૦ શાખાઓ છે.
- ઓફિશિયલ લેગ્વેજ, બુક્સ, ગ્લોસરીઝ જેવી આવશ્યક કામગીરી આ બેન્ક ધારા ખાસ થયેલ છે. બેન્ક દ્વારા 'આકૃતિ ઓફિસ-૨૦૦૬' નામનો દ્વિભાષી સોફ્ટવેર બેન્ક કાર્ય માટે ડેવલપ કરી કોર્પોરેટ લાયસન્સ મેળવેલ છે.

મુખ્યત્વે આ રાષ્ટ્રીકૃત બેન્કો, ઉપરાંત IDBI બેન્ક (સરકારી), ICICI બેન્ક, HDFC બેન્ક, કર્ણાટક બેન્ક લિ. ફેડરેલ બેન્ક જેવી બેન્કો પોતાના ધ્યેયો અને કાર્ય પ્રણાલીથી પ્રખ્યાત છે. તેનો વ્યાપાર વિકાસ ઘણો છે. નેટવર્ક પણ ઘણું મોટું છે.

-સંકલન : પટેલ રોનક આર. (ટી.વાય.બી.એ) અર્થશાસ્ત્ર

## બેટી બચાવો...

દીકરો વારસ છે તો દીકરી પારસ છે.
દીકરો વંશ છે તો દીકરી અંસ છે.
દીકરો આન છે તો દીકરી શાન છે.
દીકરો તન છે તો દીકરી મન છે.
દીકરો માન છે તો દીકરી સ્વમાન છે.
દીકરો સંસ્કાર છે તો દીકરી સંસ્કૃતિ છે.
દીકરો આગ છે તો દીકરી બાગ છે.
દીકરો દવા છે તો દીકરી દુવા છે
દીકરો ભાગ્ય છે તો દીકરી વિધાતા છે
દીકરો શબ્દ છે તો દીકરી અર્થ છે.
દીકરો ગીત છે તો દીકરી સંગીત છે.
દીકરો પ્રેમ છે તો દીકરી પૂજા છે
દીકરો વાદળ છે અને વરસે છે.
તો દીકરી ધરતી છે અને તરસે છે.

*જિંદગી કેટલી નાની હોય છે ! સમયની બરબાદી એને વધારે ટૂંકી બનાવી દે છે.*

*ભૂલ ક્ષણોમાં થઈ જતી હોય છે અને એની સજા ભોગવવા માટે વરસો ઓછા પડતાં હોય છે.*

## પંચવર્ષીય યોજના

| પંચવર્ષીય યોજનાઓ | વર્ષ | (કરોડ) મૂડીરોકાણ | લક્ષ્યાંક | ઉપલબ્ધી | મુખ્ય ધ્યેયો |
|---|---|---|---|---|---|
| ★ પ્રથમ યોજના | ૧૯૫૧-૧૯૫૬ | ૭ કરોડ | ૨.૧. | ૩.૬૦ | ભાવિ આયોજનનો પાયો નાંખવો |
| ★ બીજી યોજના | ૧૯૫૬-૧૯૬૧ | ૩૪ કરોડ | ૪.૫ | ૪.૨૧ | અર્થતંત્રની ઝડપી ઔદ્યોગિકરણ માટે તૈયાર કરવું. |
| ★ ત્રીજી યોજના | ૧૯૬૧-૧૯૬૬ | ૭૫.૬ કરોડ | ૫.૩ | ૨.૭૨ | સ્વયંગામી વિકાસનો તબક્કો |
| ★ વાર્ષિક યોજના | ૧૯૬૬-૧૯૬૯ | --- | --- | --- | ત્રીજી યોજનાની નિષ્ફળતાનો થાક ઉતારવો. |
| ★ ચોથી યોજના | ૧૯૬૯-૧૯૭૪ | ૧૭૮.૬ કરોડ | ૫.૭ | ૨.૦૫ | સ્થિરતા, આર્થિક, વિકાસ સ્વાલંબન |
| ★ પાંચમી યોજના | ૧૯૭૪-૧૯૭૯ | ૫૧૪.૬ કરોડ | ૪.૪ | ૪.૮૩ | ગરીબી નાબુદી અને સ્વાલંબન |
| ★ વાર્ષિક યોજના | ૧૯૭૯-૧૯૮૦ | --- | --- | --- | ગરીબી નાબુદી અને સ્વાલંબન |
| ★ છઠ્ઠી યોજના | ૧૯૮૦-૧૯૮૫ | ૯૧૪ કરોડ | ૫.૨ | ૫.૫૪ | ગરીબી નાબુદી અને સ્વાલંબન |
| ★ સાતમી યોજના | ૧૯૮૫-૧૯૯૦ | ૧૪૦૦ કરોડ | ૫.૦ | ૬.૦૨ | અનાજ રોજગારી અને ઉત્પાદકતા |
| ★ બે વર્ષીય યોજના | ૧૯૯૦-૧૯૯૨ | --- | --- | --- | અનાજ રોજગારી અને ઉત્પાદકતા |
| ★ આઠમી યોજના | ૧૯૯૨-૧૯૯૭ | --- | ૫.૬ | ૬.૬૮ | રોજગારી સર્જન ગરીબી નાબુદી ઈન્ફ્રાસ્ટકચર |
| ★ નવમી યોજના | ૧૯૯૭-૨૦૦૨ | | ૬.૫ | ૫.૫ | ખેતી ભાવસ્થિરતા વસ્તી વૃદ્ધિદર નિયમ યોજના |
| ★ દશમી યોજના | ૨૦૦૨-૨૦૦૭ | | ૮.૦૦ | ૭.૧ | રોજગારી, સાક્ષરતા, મૃત્યુદર ઘટાડવાની યોજના. |
| ★ અગિયારમી યોજના | ૨૦૦૭-૨૦૧૨ | | ૮ થી ૧૦ | --- | જી.ડી.પી. વધારવું.<br>બેરોજગારી ઘટાડવી.<br>રોજગારી વધારવી. } યોજના ચાલુ છે. |

## પુસ્તકો આપણાં મિત્રો , પ્રેરણાદાયી વાંચન

(૧) જ્ઞાનશક્તિના યુગમાં પુસ્તકો આપણા સાચા રાહબર બની શકે છે. જ્ઞાન મેળવવું એ આત્માની જરૂરિયાત છે, જે વાંચનથી સંતોષાય છે,વાંચન માનવીને કેળવે છે, ઘડે છે અને માનવીની વિચાર ક્ષિતીજોને વિસ્તારે છે.

(૨) પુસ્તક વાંચન મારા જીવનનો અભિન્ન હિસ્સો છે. વાંચન એક સાર્થક જીવનનો આધાર છે. વાચનથી જ્ઞાન જ નહી. પરંતુ વિચારશક્તિ અને કલ્પનાનો પણ વિકાસ થાય છે.

(૩) પુસ્તકો વાંચો અને જીવનને સફળ બનાવો પુસ્તક ખજાના સ્વરૂપ છે. તે શાંત અને શ્રેષ્ઠ મિત્રો સમાન છે. પુસ્તકો ચતુર સલાહકાર અને ઉત્કૃષ્ટ શિક્ષણ છે.

(૪) એક સારા લખેકનું પુસ્તક દરેક પેઢી માટે જ્ઞાનની મૂડી સમાન છે. ઉત્કૃષ્ટ પુસ્તકના સંપર્કમાં આવવું અને એને પચાવવું નિર્મળ આનંદ અનુભૂતિ કરાવે છે. પુસ્તકો જીવન ભરના સાથી છે.

(૫) સંગીતનો સબંધ આત્મા સાથે છે. તેમ વાચનનો સંબંધ બુદ્ધિ સાથે છે. વાંચવાથી આપણી બૌદ્ધિક શક્તિઓનો વિકાસ થાય ચે.

(૬) વાંચન સારા વિદ્યાર્થીનું લક્ષણ છે. આપણે સાચા વિદ્યાર્થી તરીકે નીચેના સૂત્રો ધ્યાનમાં રાખીશું.



તા. ૧૮-૬-૨૦૧૧ - પ્લેસમેન્ટ સેલ દ્વારા
(એલ.આઈ.સી. દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યું.)



તા. ૨૧-૬-૨૦૧૧ માઈક્રોબાયોલોજી પ્રોજેક્ટ રજુ કરતા કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગના વિદ્યાર્થીઓ



તા. ૨૧-૬-૨૦૧૧ સ્ટુન્ડ-પેરેન્ટસ વેલકમના દિવસે વિદ્યાર્થીઓ અને વાલીઓને સંબોધન કરતા ડૉ. કે.બી.અંજારીયા



તા. ૨૪-૬-૨૦૧૧ બર્ડ રીસ્ક્યુ અંતગર્ત ઘાયલ પક્ષીની સારવાર




તા. ૪-૭-૨૦૧૧ પ્લેસમેન્ટ અંગેની વિસ્તૃત માહિતી આપતા પ્રો. આર.ટી.જશરાય તથા પ્રો. અપૂર્વ પંડ્યા.




તા. ૧૩-૭-૨૦૧૧ - સી.ડબલ્યુ.ડી.સી. દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં ભાગ લેતી કોલેજની વિદ્યાર્થીનીઓ.



તા. ૨૧-૬-૨૦૧૧ સ્ટુન્ડ-પેરેન્ટસ વેલકમના દિવસે વિદ્યાર્થીઓ અને વાલીઓને સંબોધન કરતા પ્રિ. ડૉ. વિમલ જોશી



તા. ૨૭-૬-૨૦૧૧ મોબાઈલ રીપેરીંગ વર્ગનું ઉદ્દ્ઘાટન



તા. ૧૧-૭-૨૦૧૧ યુ.જી.સી. આયોજીત રેમીડીયલ કલાસમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા ડૉ. જે.એ.ચૌધરી તથા પ્રો. અપૂર્વ પંડ્યા




તા. ૧૩-૭-૨૦૧૧ -સી.ડબલ્યુ.ડી.સી.દ્વારા મહેંદી સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીનીઓનું અવલોકન કરતી નિર્ણાયક ટીમ.



તા. ૧૩-૭-૨૦૧૧ ના રોજ આઈ.આઈ.સી. કાર્યક્રમમાં સેલની રચના પ્રવૃત્તિઓ તેના ધ્યેયો વિશે સમજ આપતા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરેનભાઈ શાહ




તા. ૧૫-૭-૨૦૧૧ ના રોજ ગુરુવંદના કાર્યક્રમ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના અધ્યાપકોનું સન્માન



તા. ૧૯-૭-૨૦૧૧ ના રોજ વોકલ ગૃપ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓની ગીત ગાવાની હરીફાઈ



તા. ૨૨-૭-૨૦૧૧ ના રોજ સેમીનાર દ્વારા કોલેજના ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓનું વકૃત્વસ્પર્ધાનું આયોજન




તા. ૨૩-૭-૨૦૧૧ - અર્થશાસ્ત્ર વિષયના સેમિનારમાં ઉપસ્થિત કોલેજના વિદ્યાર્થીઓને સંબોધન કરતા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. પી.એસ.પટેલ



તા. ૨૫-૭-૨૦૧૧ - અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કોલેજમાં આણંદ જિલ્લા સહકારી સંઘ આયોજીત યુવા સહકારી શિક્ષણ વર્ગને સંબોધન કરતા કોલેજના પ્રિ. ડૉ. વિમલ જોષી



તા. ૨૬-૭-૨૦૧૧ ના રોજ કોલેજમાં ચાલતી એન.એસ.એસ. પ્રવૃત્તિનું દિપ પ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરતા કોલેજના પ્રિ. ડૉ. વિમલ જોશી અને સ્ટાફ પરિવાર.



તા. ૨૭-૭-૨૦૧૧ ના રોજ કોલેજના વિવિધ વિષયમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓની માહિતી આપતા પ્રો. વી.એન. વોરા.




તા. ૨૮-૭-૨૦૧૧ ના રોજ કોલેજમાં ઈંગ્લીશ ઈમ્પુવમેન્ટ ક્લાસના આયોજન દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપતા મહેતા સાહેબ



તા. ૨૮-૭-૨૦૧૧ ના રોજ કોલેજમાં વિખ્યાત પંચમસિંહ ડાકુએ પોતાનું જીવન પરિવર્તન અંગે પ્રવચન રજુ કર્યું હતું.




તા. ૨૯-૭-૨૦૧૧ - અર્થશાસ્ત્ર - સહકાર વર્ગ સંપન્ન



તા. ૨૯-૭-૨૦૧૧ -આઈ.આઈ.સી. દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર તથા આઈ.આઈ.સી. વિશે વિસ્તૃત માહિતી આપતા ડૉ. ઉદય વ્યાસ.



તા. ૩૦-૭-૨૦૧૧ ના રોજ એન.સી.આઈ. ઔદ્યોગિકરણથી થતો વન વિનાશ અંતર્ગત પોસ્ટર કોમ્પિટેશનમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરતી કોલેજની વિદ્યાર્થીની




તા. ૩૦-૭-૨૦૧૧ ના રોજ એન.સી.આઈ. ઔદ્યોગિકરણથી થતો વન વિનાશ અંતર્ગત સહી જુંબેશનો કાર્યક્રમ



તા. ૩૦-૭-૨૦૧૧ ના રોજ એન.સી.આઈ. ઔદ્યોગિકરણથી થતો વન વિનાશને રોકવા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતા કોલેજના વિદ્યાર્થીઓ તેમજ ડૉ. કે.બી.અંજારીયા

# પેટલાદની વિદ્યાર્થીની 'આકાશ-ટેબ્લેટ' મેળવવા સદ્‌ભાગી બની.

**(તા. ૧૧-૧૦-૧૧ - સંદેશ ન્યૂઝ)**



**ખુશ્બુબેન અશોકભાઈ મકવાણા**
**નાગરકુવા, પેટલાદ**

વિદ્યાનગર : વર્તમાન યુગમાં કોમ્પ્યુટર-ઈનેટ અને શિક્ષણની વિસ્તરની જતી ક્ષિતિજોએ શિક્ષણજગતમાં આમૂલી ક્રાન્તિ આણી છે. ત્યારે રાષ્ટ્રનો પ્રત્યેક વિદ્યાર્થી કોમ્પ્યુટર શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉદ્દેશ્યથી તાજેતરમાં ભારત સરકાર દ્વારા લોન્ચ કરાયેલા લો કોસ્ટ એકસેસ ડિવાઈસ ટેબ્લેટ પર્સનલ મીની કોમ્પ્યુટર-આકાશનો લાભ મેળવવામાં પેટલાદ સાયન્સ કોલેજની વિદ્યાર્થીની સદ્‌ભાગી નીવડી છે.

આ અંગેની મળતી પ્રાપ્ત માહિતી અનુસાર દેશના અંતરિયાળ અને પછાત વિસ્તારોના વિદ્યાર્થીઓમાં આધુનિક કોમ્પ્યુટર શિક્ષણની અનિવાર્યતાને લક્ષ્યમાં લઈ તાજેતરમાં ભારત સરકાર દ્વારા લો કોસ્ટ એકસેસ ડિવાઈસ ટેબ્લેટ પર્સનલ મીની કોમ્પ્યુટર-આકાશને ૪૫ દિવસના પ્રાયોગિક ધોરણે દેશની વિવિધ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી પસંદગીપાત્ર વિદ્યાર્થીઓને ભેટ ધરવામાં આવી છે. કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ સાથે જોડાયેલા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન-યુજીસી-ન્યુ દિલ્હી દ્વારા નેશનલ મીશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી ના ધ્યેય અંતર્ગત છેવાડાના વિદ્યાર્થીઓ સુધી આઈટીનો લાભ પહોંચે તે ઉદ્દેશ્ય હેઠળ આઈસીટી પ્રેરિત યોજનામાં રાજ્યના ૨૦ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ છે. જેમાં મધ્ય ગુજરાતના પાંચ જિલ્લાના વિદ્યાર્થી પ્રતિનિધી તરીકે પેટલાદની શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી ખુશ્બુબેન અશોકભાઈ મકવાણા- રહે નાગરકૂવા પેટલાદની પસંદગી થતાં તેણીની અનોખી સિદ્ધિએ કોલેજ પરિવાર તથા આણંદ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

યોજનામાં પસંદગી પામ્યા બાદ ખુશ્બુએ અન્ય ગ્રૃપ સાથે રાજસ્થાનના જયપુર ખાતે સેમિનારમાં ઉપસ્થિત રહી આઈઆઈટીના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ પીસી ટેબ્લેટની પ્રારંભિક ટ્રેનિંગ લઈ તેમાં સુધારા વધારા સુચવ્યાં હતા. ત્યારબાદ ગત ૫મી ઓક્ટોબરના રોજ દિલ્હી ખાતે માનવ સંશાધન વિકાસ મંત્રાલયના પ્રધાન કપિલ સિબ્બલના હસ્તે આકાશ-પર્સનલ મીની કોમ્પ્યુટર મેળવવા સદ્‌ભાગી બનતા વિદ્યાર્થીનીની અપ્રતિમ સિદ્ધિ ઉપરાંત રાષ્ટ્રિય સ્તરે આવા વિશિષ્ટ કાર્યક્રમમાં પ્રતિનિધીત્વ કરવા બદલ તેણીને કોલેજના આચાર્ય ડૉ. વિમલ જોષી, એમએમઈ-આઈસીટીના કો-ઓર્ડીનેટર ડૉ. કલ્પેશ અંજારિયા સહિતના કોલેજ સ્ટાફે શુભકામનાઓ-અભિનંદન પાઠવ્યા હતા.

---

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ; શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યકત કરવા પ્રયત્ન કર્યો છે આ 'ઉત્થાન' માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

---

**(Printed Matter)**

BOOK POST

To ____________________

____________________

____________________

____________________

From :-

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬